## તિલકવાડાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ મુ.તિલકવાડા.

ક્રિમીનલ કેસ નં. : ૫૬૬/૨૦૨૬
આંક :૦૫

**ફરીયાદી: સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી: વિપુલભાઈ મહેશભાઈ વસાવા**
**રહે.કાસોટીયા, તા.તિલકવાડા,જી. નર્મદા.**

**:: ઠરાવ ::**

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોકઅદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વ્રારા સ્પેશીયલ સીટીંગની મેજીસ્ટ્રેટને સતા આપવામાં આવેલ છે, તે મુજબ સદર કેસ આજરોજ રાખવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સારી, કાર્યવાહી કરવા માટે સબંધિત પોલીસ સ્ટેશન દુવારા અત્રેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ ફૂલિત થાય છે કે, આરોપી ચોકકસ સમય અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલી હાલતમાં મળી આવેલ છે. પરંતુ ગુજરાત નશાબંધી અધિનિયમની કુલસ–૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાના મુખ્ય તત્ત્વો સાર્વજનિક સ્થળમાં છટકો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય અને બીજા સાથે મારામારી કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર જણાઈ આવતી નથી. આમ, ચાર્જશીટ તથા તેની સાથેના નિવેદનો વંચાણે લેતા ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) મુજબ શિક્ષાપાત્ર ગુનો પ્રથમ દર્શનીય બનતો હોય તેવું જણાઈ આવતુ નથી. આ ગુનાની ટ્રાયલ માટે જો હાલના કામે ફરીયાદી, સાહેદો, પંચો તેમજ ડોકટર સાહેદને પણ જો તપાસવામાં આવે તો અને જો રેકર્ડ પર પુરાવો લેવામાં આવે તો પણ આરોપીને ગુજરાત નશાબંધી અધિનિયમની મુજબ સજા થઈ શકે તેમ હાલના તબકકે જણાય છે. આમ કલમ–૮૫(૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય રીતે બનતો ન હોય આંક–૧ તળે અલગથી હુકમ કરી ગુજરાત

નશાબંધી સુધારા અધિનિયમ–૨૦૧૭ ની ૬૬(૧)(બી) મુજબ તે પૂરતી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આરોપી કોર્ટમાં રૂબરૂ હાજર થતા તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કુલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ છે. ત્યારબાદ આજરોજ આરોપી વિરદ્ધ ઉપરોકત ગુના પુરતી પ્લી રેકર્ડ કરતા આરોપીનું આંક:– ૩ થી નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપી પોતાનો ગુનો કબુલ કરે છે. વધુમાં આરોપીએ પોતાના વિ.વકીલશ્રી મારફતે સ્વૈચ્છાપૂર્વક આંક:–૪ થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે. જેમાં તેઓ પોતાનો પ્રથમ ગુનો હોવાનું જણાવી તથા ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહીં તેવી ખાતરી આપી વધુમાં પોતે ઘરમાં ભરણ પોષણ કરનાર એક જ વ્યકિત હોવાની અને સામાજીક તથા આર્થિક સ્થિતી ધ્યાનમાં રાખી તેઓ ઉપર રહેમરાહ રાખવાની મૌખિક રજુઆત તેમના વિ.વકીલશ્રીએ કરેલ છે. વધુમાં આરોપીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત કાયમી રોજગાર પણ ના હોય ટ્રાયલ ચાલતા દુરમિયાન તેઓને વારંવાર અદાલતમાં આવવાની જરૂર પડે જેથી કયારેક રોજગારી મળે તે પણ છીનવાઈ જાય જે તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈ તથા આ આરોપીનો પ્રથમ ગુનો હોય તે ભુલ સુધારવા માંગે છે અને કોર્ટની કાર્યવાહીમાં તેમનો, કોર્ટનો તેમજ નાણાં નો વ્યય ના થાય જેથી માફી આપવા અને રહેમ રાખવા તેમના વિ.વકીલશ્રીએ અરજ ગુજારેલ.

(૪) વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા કેસો દાખલ થતાનું પ્રમાણ જોતા ટૂંક સમયમાં કેસની ટ્રાયલ પુરી કરવી સભંવી શકે નહીં અને કોર્ટ તેમજ સરકાર અને પક્ષકારોનો સમય બચે જે સમય અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોય ઉપરાંત આરોપી પોતાના ગુનાની કબુલાત કરતો હોય રેકર્ડ પરની તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિ ધ્યારે લઈ આરોપીને સમજણ કરી તેના વિરુધ્ધના આક્ષેપો સમજાવી જવાબ લેતા આરોપીએ કબુલાત આપેલી છે. અત્રેની અદાલતે આરોપીને સજા અંગેની જોગવાઈઓ સમજાવેલ હોવા છતાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯</u>** ના પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લઈ નકકી કરેલ ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને, ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લઈ તથા આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુક તથા તેની આર્થિક અને સામાજિક જવાબદારી ધ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા મારું નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમરાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે, તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયી અને ઉચિત માનું છું. ઉપરોકત તમામ ચર્ચા સાથેની સમીક્ષા ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ:૨૭૫ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કુલમ–૬૬(૧)(બી) મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવીને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ–૧૪મી માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : તિલકવાડા.

(**મહેશભાઈ લાખાભાઈ ચોથાણી**)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, તિલકવાડા.
**જીજે ૦૧૪૩૮**